**<u>થરાદના મે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.થરાદ.</u>**

**ક્રિ.કેસ.નં.૧૮૭/૨૦૨૬**
**આંક–૦૫**

ફરિયાદીઃ– શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપીઃ– જીવણભાઈ ઉર્ફે ટીનાભાઈ રાણાભાઈ ઠાકોર રહે.ગણતા તા.લાખણી

**<u>ગુનોઃ– ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)બી મુજબ..</u>**

**<u>:–ચુકાદોઃ–</u>**

આરોપી સામે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)બી મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. આરોપી સામે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનાનો આક્ષેપ છે. નવા સુધારેલા કાયદા મુજબ પ્રોહીબીશનની કલમ–૬૬(૧)બી માં પ્રથમ ગુના માટે કોઈ મીનીમમ કેદની સજાની જોગવાઈ નથી. બીજા ગુના માટે ઓછામાં ઓછી છ માસની કેદની સજા છે. જેથી આ કામે આરોપી સામે ૬૬(૧)બી નો આક્ષેપ હોય અને આરોપીનો પ્રથમ ગુન્હો છે અને તે ગુનો કબુલાતનો હોય, જેથી હાલ આરોપીને સુધારવાની તક મળી રહે તથા નામદાર ગુજરાત વડી અદાલતે ગુજરાત સરકાર વિરુદ્ધ નટવર હીરાચંદ્રજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલ મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે.

વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમામ લક્ષમાં લેતાં ટુંક સમયમાં હાલનાં ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવાની સંભાવનાં શક્ય નથી. વધુમાં ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ અન્વયેનાં કેસોમાં ભુતકાળમાં સાબીત થયેલ કેસોની સંખ્ય અને સજાનું પ્રમાણ ધ્યાને લેતા તે ઘણું ઓછું છે. વધુમાં, આરોપીનો સમય, ફરિયાદીપક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલનાં અંતે આરોપી કસુરવાર કરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે છે. તેનાં બદલે જો આરોપી પ્રથમ મુદ્દતે હાલનો ગુનો કબુલે છે. ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે, તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદઉપયોગ કરી શકાય તેમ હોય તેમજ આરોપી જ્યારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય અને જ્યારે આરોપીનો આ પ્રથમ ગુનો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલ તમામ

હકીકતો અને તમામ પરિસ્થિતીને ધ્યાને લઈ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી.એલ.આર.૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લઈ નિયત કરેલી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય, ઉપરોક્ત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–//આખરી હુકમ//–**

આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે **ધી ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એક્ટની કલમ–૬૬–૧–બી** ના ગુનાના કામે કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રુ.૧૦૦/–(અંકે રુપિયા એક સો પુરા)** નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪મી માહે–માર્ચ સને ૨૦૨૬ ના રોજ લોક–અદાલત (સ્પે.સીટીંગ) માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃ– થરાદ.
તારીખઃ–૧૪/૦૩/૨૦૨૬

( આર.કે.જાની )
પ્રિસાઈડીંગ ઓફિસર, લોકઅદાલત
કોડ નં.જી.જે.૦૧૬૫૮
જ્યુ.મેજી.ફ.ક., થરાદ.
( સ્પે. સીટીંગ )